**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૭૦ ટકા

# શહેરમાં પરિવાર દીઠ સરેરાશ એક લીટર દૂધનો વપરાશ

## શહેરમાં કુલ દિવસ અને સાંજે લગભગ ૭૫,૦૦૦ લીટર જેટલું દૂધ વેચાય છે

ગાંધીનગર, તા.૨૫

જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની માંગ સાથે દૂધનું પણ એટલું જ મહત્વ છે. શરીરમાં કેલ્શિયમ સાથે ઘણા ન્યુટ્રીશ્યન્સ પુરું પાડતું ગુણકારી દૂધ માનવશરીરના હાડકાંને મજબૂતી આપે છે. ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડના અહેવાલ મુજબ શહેરમાં કુલ દિવસ અને સાંજે લગભગ ૭૫,૦૦૦ લીટર જેટલું દૂધ વેચાય છે.

ન્યુટ્રીશ્યન્સથી ભરપુર ગણાતું દૂધ જેનું સેવન કરવાના ફાયદા અનેક છે. દૂધ શરીરને કેલ્શિયમ પુરું પાડે છે જે શરીરના હાડકાંને મજબૂત કરે છે. પ્રોટીન જે એનર્જી પુરી પાડે છે. વિટામીન ડી, વિટામીન બી૧૨ જેવા અનેક ગુણોથી ભરપુર દૂધનું સેવન માનવ શરીરને અનેક ફાયદા પૂરા પાડે છે.

માનવ શરીરને વિવિધ ન્યુટ્રીશ્યન્સ પુરું પાડતું દૂધ જેનું વેચાણ શહેરમાં સવારથી સાંજ કેન્દ્ર સંચાલકો દ્વારા થાય છે. ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડના અધિકારી ભિખુદાન ગઢવીના જણાવ્યા મુજબ શહેરમાં તેમના દ્વારા કુલ ૨૩૦ કેન્દ્ર સંચાલકોને દૂધ પહોંચાડાય છે. તેમની મંડળી દ્વારા રોજનું કુલ ૭૫,૦૦૦ લીટર દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ થાય છે. જેમાં સવારે લગભગ ૫૫,૦૦૦ લીટર અને બપોર પછી લગભગ ૨૦,૦૦૦ લીટર દૂધ અને દૂધનું વેચાણ થાય છે.

**આજકાલ ભેંસના દૂધના વપરાશની સાથે ગાયના દૂધનો વપરાશ વધ્યો છે. શહેરીજનોમાં પણ ગાયના દૂધની માંગ વધી છે જેથી ડભોડા, ચિલોડા, રાંધેજાની ગૌશાળા અને તબેલામાંથી શહેરમાં દૂધ પુરું પડાય છે**

સંસ્થા દ્વારા દરેક સમય મુજબ શહેરમાં દૂધ પહોંચાડાય છે.

શહેરમાં સહકારી મંડળી સિવાય પણ અનેક પ્રાઈવેટ કેન્દ્ર સંચાલકો દ્વારા દૂધનું વેચાણ થાય છે. આ ઉપરાંત ઘરે ઘરે ગાય, ભેંસ, રાખનારા દ્વારા પણ ડાયરેકટર દૂધ વેચાય છે. જે પરથી કહી શકાય કે શહેરની વસ્તી સામે દૂધના વેચાણ પ્રમાણે શહેરના પ્રત્યેક ઘર દીઠ એક લિટર દૂધનો વપરાશ થાય છે. જે દૂધ પીવા સાથે ચા બનાવવામાં પણ વપરાય છે. સવારે પરિવારજનો માટે દૂધ વધુ ખરીદાય છે અને બપોર બાદ ચાના લારી ગલ્લા માટે દૂધ વેચાય છે.

મંડળીના અહેવાલ મુજબ શહેરમાં લગભગ અમૂલ ગોલ્ડ દુધ વધુ વપરાય છે અને અમૂલ શકિતનો વપરાશ પણ શહેરીજનો દ્વારા થાય છે. સાથે દૂધની બનાવટો જેવી કે છાશ, પનીર, ચીઝ, દહીંમાંથી અમૂલ છાશનું વેચાણ વધુ થાય છે.




## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગરમવસ્ત્રોનું વિતરણ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અરવલ્લી જિલ્લાની ૩૯ શાળાઓ, બહેરા મૂંગા શાળા મોડાસા, પોલીટેકનીકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ૩૯ પ્રાથમિક, માધ્યમિક અને બાલવાડીઓ તથા કસાણા ગામના શબરી કન્યા વિદ્યાલયની છાત્રાઓને અંગઢાંકણ, ટોપી અને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાના કાર્યમાં સંસ્થાના પ્રમુખ અરૂણ બુચ, શશીકાંત મોઢા, રેણુબેન ડોડીયા, નિલેન્દુભાઈ વોરા, ડૉ. ટી.બી. પટેલ, કિરીટભાઈ સુથાર, અનસૂયાબેન દોશી, બદાભાઈ મનાત દ્વારા ઠંડીની સિઝનના આરંભે જરૂરિયાતમંદોને સહાય કરવામાં આવી હતી. આ ઉપરાંત ગાંધીનગર શહેર વસાહત મંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા કરાતા આ સેવા કાર્યમાં શહેરીજનોને જોડાવવા અપીલ કરવામાં આવી છે.



## આજે સંવિધાન દિન નિમિત્તે ભાજપ મહાનગર દ્વારા સે-૨૪માં વિવેકાનંદ સ્કુલ ખાતે પીએમના પ્રવચનનું જીવંત પ્રસારણ

ગાંધીનગર, તા.૨૫

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલે (દાસ) એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તા. ૨૬મી નવેમ્બર મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે સંવિધાન દિવસ નિમિત્તે સંસદના બંને ગૃહના સંયુકત સત્રને માન. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સંબોધન કરશે. જેનું લાઈવ પ્રસારણ ગાંધીનગર મહાનગર વોર્ડ-૪ના સ્વામી વિવેકાનંદ સ્કુલ, સે-૨૪ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રદેશના આગેવાનશ્રીઓ આ લાઈવ પ્રસારણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત ગાંધીનગર મહાનગરના એસસી મોરચાના તમામ કાર્યકર્તા મિત્રો કોર્પોરેટરશ્રીઓ અને હોદ્દેદારો સંવિધાન દિન નિમિત્તે રેલીનું પણ આયોજન સે-૨૪ ખાતે કરી રહ્યા છે. જેમાં તમામ વોર્ડના અનુસુચિત મોરચાના પદાધિકારીશ્રીઓ તથા મહાનુભાવો જોડાશે.

માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સંસદના સંયુકત સત્રના સંબોધનનું લાઈવ પ્રસારણ જોવા માટે મહાનગરના તમામ કોર્પોરેટરશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ તથા આગેવાનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રાજય શાળા પાઠય પુસ્તક મંડળના કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલવા રજૂઆત

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળ ખાતે ગુજરાત રાજય બોર્ડ/નિગમ કર્મચારી મહામંડળના પ્રમુખ



પ્રવિણભાઈ સુતરિયા દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. તેમના દ્વારા કર્મચારીઓના પ્રશ્નો સંદર્ભે મંડળના નિયામક કક્ષાએ લેખિત રજૂઆત કરવામાં આવી હતી અને જો પ્રશ્નોનો યોગ્ય ઉકેલ ન આવે તો ગુજરાત રાજય બોર્ડ/નિગમ કર્મચારી મહામડંળના નેજા હેઠળ પાઠય પુસ્તક મંડળ કર્મચારી એસોસિએશન દ્વારા રણનીતિ નક્કી કરવાની તૈયારી બતાવવામાં આવી હતી.

ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળના વર્ગ-૧ની અધિકારીઓની બઢતી અને મંડળના કર્મચારી અને અધિકારીઓના સમયસર સી.આર. નહીં ભરવા બાબતના પડતર પ્રશ્નો તથા વર્ગ-૩ના કર્મચારીઓની રાજય સરકારના ધારાધોરણો મુજબ બદલી અને ચાર્જ બાબતો અન્યાય સત્વરે દૂર કરવા અંગે મંડળના અધિકારી અને કર્મચારીઓ દ્વારા માંગ ઉઠવા પામી છે. આ બાબતે ગુજરાત રાજય બોર્ડ નિગમ કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવિણભાઈ સુતરીયા દ્વારા મંડળના નિયામક કક્ષાએ લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે અને જો આ તમામ પ્રશ્નોનો ઉકેલ ન આવે તો મંડળના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા આગળની રણનીતિ નક્કી કરાશે તેમ જણાવાયું છે.

## સે-૧૭ના સરકારી બાળ સંભાળગૃહનું લોકાર્પણ કરાયું





ગાંધીનગર, તા.૨૫

સરકારી બાળ સંભાળગૃહ, સેકટર-૧૭, ગાંધીનગરના મકાનનું લોકાર્પણ કાર્યક્રમ આજરોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે ચિલ્ડ્રન હોમનું નિરીક્ષણ કર્યું હતું. ઉદ્દઘાટન કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર અગ્ર સચિવ શ્રી મનોજ અગ્રવાલે સરકારની બાળકોની વિવિધ યોજના જેવી કે, પાલક માતા-પિતા, સ્પોન્સરશીપ, આફટરકેર, ફોસ્ટરકેર વિશે તેમજ સમાજ સુરક્ષા ખાતાની વિવિધ દિવ્યાંગો અને વૃધ્ધોને લગતી યોજનાઓ, બાળ સંભાળગૃહની બાળકોના સુવિધા બાબતે વિસ્તૃતમાં રસપ્રદ માહિતી આપી હતી. આ પ્રસંગે સમાજ સુરક્ષા વિભાગની બાળકોની પાલક માતા-પિતા, સ્પોન્સરશીપ, આફટરકેર, ફોસ્ટરકેર વિશે તેમજ સમાજ સુરક્ષા ખાતાની વિવિધ દિવ્યાંગો અને વૃધ્ધોને લગતી યોજનાઓ, બાળ સંભાળગૃહની બાળકોના સુવિધા બાબતે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી. મંત્રીશ્રીના હસ્તે સમાજ સુરક્ષા યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજયના નિયામક શ્રી જી.એન.નાચિયા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણિયા સહિત મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## રીલાયન્સ ચોકડી પાસેથી મોબાઈલ ચોર પકડી પાડતી એલસીબી

ગાંધીનગર, તા.૨૫

રીલાયન્સ ચોકડી પાસે આવેલ પટેલ પાર્લરથી ચોરી કરેલા એક મોબાઈલ કિમત રૂ.૬૦૦૦ સાથે એક ઈસમને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. એલસીબી પોલીસ મથકના પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ ટીમના સભ્યો રીલાયન્સ પાસો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા અ.પો.કો. અનોપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે રીલાયન્સ ચોકડી પાસો આવેલા પટેલ પાર્લર ઉપરથી ચોરી થયેલા મોબાઈલ ફોન હાલમાં ડોકટર હાઉસ સીટીબેંકની પાસે સી.જી.રોડ અમદાવાદ ખાતે રહેતો કમલેશ ઉર્ફે લાલ પ્રેમજીભાઈ યાદવ (મુળ રહે. આસપુર ગામ ડુંગરપુર) ફોન વાપરે છે. જેથી પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યાએ રેઈડ કરીને સેમસંગ કંપનીના મોબાઈલ જે-૬ કિ. રૂ.૬૦૦૦ સાથે પકડી પાડ્યો હતો. આરોપીને એલસીબી પોલીસ મથકે લાવી પુછતાજ કરતા આરોપીએ જણાવ્યું હતું કે તેણે આ મોબાઈલ આઠ-નવ મહિના પહેલા રીલાયન્સ ચોકડી પાસે પાન પાર્લર પરથી ગ્રાહકની નજર ચુકવીને ચોરી કર્યો હતો.



ગાંધીનગરમાં હવે ઈશ્વરને આંટો મારવાનું મન નહીં થતું હોય ને...! આ વિચાર એટલે આવ્યો કે આટલા સુઆયોજિત, સુવ્યવસ્થિત સંસ્કારી અને સાથોસાથ પ્રકૃતિથી છલોછલ આ નગરના માથે ગંદકી અને જયાં ત્યાં પડેલો કચરો એક કલંક સમાન છે. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' એ ઉકિત અહીં કયાંય સાચી ઠરતી નજરે પડતી નથી. સ્વચ્છતા હોય ત્યાં જ પ્રભુને વાસ કરવાનું મન થાય ને...ઘ-૩ સર્કલની પાસે જ ફૂટપાથ પર બેસુમાર કચરો જોવા મળી રહ્યો છે. આસપાસ સફાઈ કર્મીઓની હાજરી હોવા છતાં...!



## સરઢવની શાળામાં કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સરઢવની શેઠ એસ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ એને બી.પી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે કાનૂની શિબિર યોજાઈ હતી. જેમાં ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટના પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ ઉપસ્થિત રહી સરકારની વિકિટમ કોમ્પેન્સેશન સ્કીમ ૨૦૧૯ અંતર્ગત એસિડ દ્વારા હુમલાનો ભોગ બનેલ વ્યકિતને મળવાપાત્ર વળતરની જોગવાઈઓ વિશે શાળાના લગભગ ૩૪૮ વિદ્યાર્થીઓને સમજણ આપી હતી. કાર્યક્રમમાં શાળાના આચાર્ય ગજેન્દ્રભાઈ મહેતા સાથે શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## હોસ્ટેલની ખાલી કરાયેલી રૂમોમાંથી મળેલા વસ્ત્રોને બે યુવાનોએ જરૂરિયાતમંદો સુધી પહોંચાડયા

ગાંધીનગર, તા.૨૫

'કર ભલા તો હોગા ભલા' અને 'તમે જયારે જમણા હાથે દાન કરો તો ડાબા હાથને પણ ખબર ના પડે તે રીતે કરો.' આવી ઉકિતઓ આપણે સાંભળતા હોઈએ છીએ જે ગુપ્તદાનનો મહિમા સમજાવવાની સાથે સાથે જીવનમાં કોઈકને ઉપયોગી થવાની શીખ આપે છે. જેનામાં ખરા અર્થમાં સદકાર્ય કરવાની વૃત્તિ છે તેઓ ભલે પોતાની પાસે ઝાઝી માલમિલકત ના હોય કે પુરતાં સાધનો કે સાથીદારો ના હોય તેની કોઈ ચિંતા કરતા નથી બલ્કે પોતાનાથી જયાં, જયારે અને જેટલું સદકાર્ય કરવાની તક મળે તે ચુપચાપ કરી લેતા હોય છે. આ વાતની પ્રતિતિ શહેરની સરકારી વિજ્ઞાન કોલેજના હોસ્ટેલમાં રહેતા બે યુવાનોએ કરાવી હતી જેમણે હોસ્ટેલ છોડીને ગયેલા વિદ્યાર્થીના વધેલા કપડાં એક બેગમાં એકત્ર કરી જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાની નિઃસ્વાર્થ સેવા કરી છે.

સેકટર-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજની બૉયઝ હોસ્ટેલમાં રહેતા હાર્દિક રાઠોડ અને હિતેષ અડિયલે ગઈ કાલે પોતાની હોસ્ટેલમાં ખાલી પડેલા ઓરડાઓની તપાસ કરી તેમાં રૂમ ખાલી કરીને ગયેલા વિદ્યાર્થીઓ પોતાને જરૂર ના હોય તેવા કપડાં રૂમમાં જ છોડીને ગયા હતા. બંને યુવાનોએ આ કપડાં એકઠાં કર્યા તો એક આખી ટ્રાવેલ બેગ ભરાઈ ગઈ જે તેમણે હોસ્ટેલના રેકટરને દેખાડી તો એમણે તેમને યોગ્ય લાગે તે કરો તેવી મંજૂરી આપી. પછી આ બંને યુવાનોએ તે વસ્ત્રો ગરીબ જરૂરિયાતમંદોને દાન કરી દેવાનો નિર્ણય કર્યો અને પછી રાત્રિના સમયે બાઈક પર થેલો લઈને નીકળી પડયાં. જયાં તેમને ફુટપાથ પર કે રોડ સાઈડમાં સુતેલા શ્રમજીવી જરૂરિયાતમંદો દેખાયા ત્યાં તેમણે આ વસ્ત્રોને દાનમાં આપી દીધા હતા. આમ, બંને યુવાનોએ રાત્રિમાં બે થી ત્રણ કલાક શહેરમાં ફરીને આ વસ્ત્રો જરૂરિયાતમંદો સુધી પહોંચાડી સેવાનું અનોખું ઉદાહરણ પુરું પાડયું હતું જે અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ બની શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ યુવાનો શહેરની હેપ્પી યુથ કલબ સાથે સંકળાયેલા છે અને વિવિધ સેવાકાર્યમાં ઉત્સાહથી ભાગ લે છે.



## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મરજાવા**
૧૧.૪૫, ૫.૧૫, ૧૦.૪૫
**પાગલપંતી**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫
**બાલા**
૧૦.૩૦, ૨.૩૦, ૮.૦૦
**હાઉસફૂલ-૪**
૯.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૦, ૧.૨૦, ૭.૨૫, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મરજાવા**
૯.૪૫, ૧.૪૫, ૩.૩૦, ૭.૨૫, ૧૦.૩૫
**બાલા**
૧૧.૦૦, ૪.૩૫, ૧૦.૧૫
**હાઉસફૂલ-૪**
૧૨.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૧૦, ૭.૪૫, ૧૦.૨૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૯.૪૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર જડીબેન મફાજી, ઉ.વ. ૮૫

## આજે ગાંધીનગરમાં

● સીતારામભાઈના કંઠે મુકેશભાઈના નિવાસસ્થાન ૩૮૩/૧, સે-૮-બી ખાતે રાત્રે ૮ થી ૧૧ દરમિયાન સુંદરકાંડના પાઠ યોજાશે.

## વિસનગરા નાગર પરિવાર દ્વારા સ્નેહમિલન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

વિસનગરા નાગર પરિવાર દ્વારા ૨૬મો સ્નેહમિલન અને વિદ્યાર્થી પ્રોત્સાહન પારિતોષિક વિતરણ કાર્યક્રમ તા. ૨૯ ડિસેમ્બરના રોજ બપોરે ૨ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાશે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક પરિવારના સદસ્યોને તા. ૧૦ ડિસેમ્બર સુધીમાં તેમનું નામ યશ રાવલ ૯૯૧૩૬૮૮૯૫૦ અને મહર્ષિ રાવલ ૯૧૦૬૨૨૮૩૬૫ને નોંધાવવા સંસ્થાના પ્રમુખ ભાવેશભાઈ મહેતા દ્વારા જણાવાયું છે.

## અનુસુચિત જાતિના કલાકારો જોગ

ગાંધીનગર, તા.૨૫

જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગર દ્વારા અનુસુચિત જાતિના કલાકારોની પરંપરાગત કલાનો જીવંત રાખવા વિવિધ કાર્યક્રમો અંતર્ગત લોકનૃત્યની તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવનાર છે.

આ તાલીમ શિબિરમાં રસ ધરાવતા ૧૪ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા અનુસુચિત જાતિના કલાકારોએ સાદા કાગળમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે નામ, સરનામું, મોબાઈલ નંબર, કલાક્ષેત્રે કરેલ કામગીરીની સંક્ષિપ્ત માહિતી અરજી કરવાની રહેશે. આ અરજી તા. ૩૦મી નવેમ્બર, ૨૦૧૯ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે.